# ભિલોડા તાલુકાના અઢેળા ગામના ગૌચરમાંથી વૃક્ષોનું નિકંદન કાઢી બારોબાર વેચી માર્યા

ભિલોડા તાલુકાના અઢેળા ગામના ગૌચરમાંથી વૃક્ષોનું નિકંદન કાઢી બારોબાર વેચી માર્યા હોવાનું વૃક્ષોનું નિકંદન કાઢી બારોબાર વેચી દીધા હોવાનું જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું. અઢેળા ગ્રૃપ ગ્રામ મળેલ છે. અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારમાં વૃક્ષોનું ઠેર-ઠેર મોટા પાયે નિકદંન થઈ રહ્યું છે ત્યારે વન



આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. અઢેળા ગ્રૃપ ગ્રામ પંચાયત મત વિસ્તારના ગૌચરમાં ૫ વર્ષ અગાઉ પિયત નર્સરી બનાવી હતી. નર્સરીમાં નીલગીરી સહિત અનેક પ્રકારના વૃક્ષો હતા પરંતુ વગર મંજુરીએ જાહેર હરાજી કર્યા સિવાય પંચાયત સરપંચએ સત્તાનો દુરઉપયોગ કરી નર્સરીમાંથી વૃક્ષોનું નિકદંન કાઢી નાખતા જાગૃત ગ્રામજનોએ મામલતદાર, કલેક્ટરને જાણ કરતાં વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓએ તપાસ હાથ ધરી હોવાનું લોકમુખે જાણવા વિભાગના સત્વરે ન્યાયીક તપાસ હાથ ધરવામાં આવે તેવી પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે. અઢેળા ગામમાં વહીવટી તંત્રમાં યોગ્ય ન્યાયીક તપાસ હાથ ધરવામાં આવે તો મોટા પાયે કૌભાંડ ઝડપાઈ શકે તેમ લોકમુખે ચર્ચાય છે.



સ્વદેશી જાગરણ મંચ દ્વારા આજરોજ જિલ્લા કલેક્ટર કચેરીએ નાયબ કલેક્ટર શામળભાઈ પટેલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જનતા દ્વારા દેશભરમાં એક કરોડથી વધુ લોકોના હસ્તાક્ષર ઝુંબેશ હાથ ધરવામાં આવી છે જેના ભાગરૂપે અરવલ્લી જિલ્લામાં પણ હસ્તાક્ષર કરી આવેદનપત્ર અપાયું ત્યારે મોડાસાના કાર્યકરો ચૈતન્ય ભટ્ટ, નિલેશભાઈ જોશી, જિલ્લા સહકારી સંઘના ચેરમેન પ્રભુદાસ પટેલ, નવનીતભાઈ પરીખ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.





## પ્રાંતિજ ખાતે ખેલે ગુજરાત અંતર્ગત દસ દિવસનો સમર કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અવરઓન હાઈસ્કૂલ ખાતે ખેલે ગુજરાત અંતર્ગત તાલુકા કક્ષાનો દસ દિવસનો સમર કેમ્પ યોજાઈ ગયો. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ખેલે ગુજરાત અંતર્ગત તા.૧-૫-૨૦૧૭થી ૧૦-૫-૨૦૧૭ સુધીનો દસ દિવસનો સમર કેમ્પ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી ધોરણ-૩ થી ૧૨માં અભ્યાસ કરતાં ૬૦ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ૩૦ બાળકોએ કબડ્ડી અને ૩૦ બાળકોએ વોલીબોલમાં ભાગ લીધો હતો અને વોલીબોલના કોચ અજમેલભાઈ રાઠોડ તથા કબડ્ડીના કોચ તરીકે ગિડીયલ જે. બારૈયા તથા ઓડીનેટર તરીકે જગદીશભાઈ રાવલ તથા દસ દિવસીય કાર્યક્રમનું સફળ સંચાલન મિતેષભાઈ પટેલ તથા હાર્દિકભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું જયારે બાળકોના પર્ફોમન્સ સારૂ હોવાથી તેમના ફોર્મ ભરવામાં આવ્યાં હતાં અને તેમણે સ્પોર્ટસ હોસ્ટેલમાં પ્રવેશ મળશે જયારે સરકાર દ્વારા બાળકોને રમવા જમવા ચા નાસ્તા સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત અવર હાઈસ્કૂલ અને મેદાન સહિતની સુવિધાઓ મળી રહેતા શાળાનો તથા મંત્રી રઈશભાઈ કસ્બાતીનો આયોજકો દ્વારા આભાર વ્યકત કર્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં આરોગ્યલક્ષી યોજના 'મા' હેઠળ હોસ્પિટલની શરૂઆત

અરવલ્લી, તા. ૧૧

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગી પરિવારોના આરોગ્ય માટે શરૂ કરવામાં આવેલી મુખ્યમંત્રી અમૃતમ અને મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના હેઠળ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે કીડનીના રોગો માટે બે હોસ્પિટલની શરૂઆત કરવામાં આવેલી છે.

જેમાં કીડનીને લગતા રોગો જેવા કે પથરી, પ્રોસ્ટેટ, ડાયાલીસીસની સારવાર આ યોજના હેઠળ વિનામૂલ્યે આ હોસ્પિટલમાં આ યોજનાનું કાર્ડ ધરાવતા પરિવારોને કરી આપવામાં આવે છે.

અત્યાર સુધી આ રોગોના દર્દીઓએ હિંમતનગર અને અમદાવાદ સુધી જવુ પડતુ હતુ. તે હવે જવાની જરૂર નહિ પડે. મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ આ બંને હોસ્પિટલને લાવવા માટે મુખ્યમંત્રી અમૃતમ યોજનાના જિલ્લા કો-ઓર્ડીનેટર મિતુલભાઈ ગાંધી તથા જિલ્લા આરોગ્ય વિભાગ તરફથી સફળ પ્રયત્ન કરેલ હતા.




## મોડાસા બીસીએ, પીજીડીસીએ કોલેજમાં જોબ પ્લેસમેન્ટ યોજાયું

મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત માતૃ શ્રી એલ.કે. ગાંધી (બકોરવાળા) બીસીએ કોલેજ દ્વારા બીસીએના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ માટે અમદાવાદથી ટોપ ટેકનોલોજીસ, અહેમદાબાદ દ્વારા જોબ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓએ ખૂબ જ રસ રાખીને ભાગ લીધો હતો. એ બદલ મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી, પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી, કોલેજના આચાર્ય ડૉ. બી.પી. પટેલ તેમજ સમગ્ર સ્ટાફ મિત્રોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.





## પ્રાંતિજ ખાતે શ્રી બ્રહ્માણી માતાજીનો દ્વિતિય પાટોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિદ્ધ શ્રી બ્રહ્માણી માતાજી મંદિર ખાતે દ્વિતીય પાટોત્સવ યોજાયો હતો જેમાં હવન પૂજા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ સુ પ્રસિદ્ધ પૌરાણિક શ્રી બ્રહ્માણી માતાજીના મંદિર ખાતે ગુરૂવારના રોજ એક દિવસીય દ્વિતિય પાટોત્સવ યોજાયો હતો જેમાં મંદિરના વિશાળ ચોકમાં યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હવનના યજમાન રાજ અશોકકુમાર અંબાલાલ પટેલના યજમાન પદે યોજાયું હતું. જેમાં પ્રાંતિજ ખાતે રહેતા પટેલ સમાજના ભાઈ- બહેનો સહિત તાલુકામાંથી પટેલ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી. જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી બ્રહ્માણી માતાજી માઈ મંડળ તથા મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા કરવામાં આવી હતી.

# મુખ્યમંત્રીએ લોન્ચ કર્યું સીએમ ડેશ બોર્ડ

### ટેકનોલોજી વિનિયોગથી દરેક જિલ્લા-તાલુકામાં રાજ્ય સરકારની યોજનાઓની કામગીરીની પ્રગિત અમલીકરણની સંપૂર્ણ સમીક્ષા મુખ્યમંત્રી સ્વયં ગાંધીનગર કાર્યાલયથી કરી શકશે

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે ગાંધીનગરમાં જિલ્લા કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓની પરિષદમાં સી.એમ.



ડેશ બોર્ડ લોન્ચ કર્યુ હતું.

આ ડેશ બોર્ડ મારફતે સરકારની વિવિધ યોજનાઓની જિલ્લા કક્ષાની કામગીરીનું મોનિટરીંગ મુખ્યમંત્રી સ્વયંમ ગાંધીનગર મુખ્યમંત્રી કાર્યાલયથી કરી શકશે. આ સી.એમ. ડેશ બોર્ડમાં ૪૫૦ જેટલા ઈન્ડીકેટર્સ મારફતે મહેસૂલ, કૃષિ, આરોગ્ય, શિક્ષણ, અન્ય જનહિતલક્ષી યોજના, ઊર્જા, માર્ગ-મકાન જેવા ૧૬ સેકટર્સ આવરી લેવાયા છે. આ સી.એમ. ડેશ બોર્ડ તૈયાર કરવા મુખ્યમંત્રી કાર્યાલયે એન. આઈ. સી, આયોજન પ્રભાગ સાયન્સ ટેકનોલોજી વિભાગ સાથે સંકલન કરીને ૯૪ જેટલા જુદા જુદા એમ. આઈ. એસ. ડેટા બેઝને એક જ પ્લેટફોર્મ પર ઈન્ટીગ્રેટ કર્યા છે.

આ સી. એમ. ડેશ બોર્ડ કાર્યરત થવાથી કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જિલ્લા અને તાલુકા કક્ષાની દૈનિક, અઠવાડિક અને માસિક કામગીરીનું સીધું મૂલ્યાંકન અને સમિક્ષા મુખ્યમંત્રી કક્ષાએથી થશે.

# ગુજરાત બ્રહ્મરત્ન એવોર્ડ ઉપલેટાના જયેશ ત્રિવેદીને એનાયત કરાયો

ગાંધીનગર, તા.૧૧

શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ અને ગજાનન આશ્રમ (માલસર) દ્વારા નર્મદા નદીના કાંઠે નર્મદા મૈયાનો ચુંદડી ઉત્સવ તથા ૫૧ સમૂહ યજ્ઞોપવિત અને બ્રહ્મરત્ન એવોર્ડ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગુજરાત બ્રહ્મરત્ન એવોર્ડ ઉપલેટાના જયેશ ત્રિવેદીને શાસ્ત્રોકત વિધીથી અર્પણ કરાયો હતો. આ એવોર્ડમાં રૂ. ૨૧૦૦૦ રોકડા, સન્માન પત્ર, ત્રાંબાનું શિલ્ડ અપાયું હતું.

આ પ્રસંગે માલસર આશ્રમના અધ્યક્ષ શાસ્ત્રી વિજયભાઈ જોષીએ જણાવ્યું હતું કે બ્રહ્મરત્ન એવોર્ડ સન્માન ગુજરાતમાં શ્રેષ્ઠ પારદર્શક વ્યકિતને અપાય છે. આ વર્ષે સન્માનિત કરાયેલ જયેશભાઈ ત્રવેદી છેલ્લા ૧૭ વર્ષથી આશરે ૩૬૦૦ જેટલા વિકલાંગોને વિના મુલ્યે સાધન સહાય જેમ કે વ્હીલચેર, શ્રવણ યંત્રો, શિવણ મશીન, કૃત્રિમ હાથ પગ સાથે રોજગાર લક્ષી સાધનોનું વિતરણ કરી સ્વાવલંબી થાય તેવા પ્રયાસ કરે છે. આ ઉપરાંત સર્વરોગ નિદાન સારવાર કેમ્પ કરી ૫૬૦ જેટલા મેજર ઓપરેશન કરાવ્યા છે. સાથે નેત્રયજ્ઞ એમ્બ્યુલન્સ સેવા એઈડસ જેવા સેમિનાર યોજી સેવાકીય પ્રવૃત્તિથી ધબકતા જયેશભાઈ ત્રિવેદીના કાર્યોથી આશ્રમના સેવકગણ પ્રસન્ન થયા છે.

## સુનાવણી શરૂ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અરજીઓમાં ત્રિપલ તલાક, નિકાહ હલાલા, એક કરતા વધુ લગ્નને મૂળભૂત અધિકારોના ભંગ તરીકે ગણવામાં આવ્યા છે. કોર્ટે કહ્યું હતું કે જો અમે આવા તારણ ઉપર પહોંચીએ તો ત્રિપલ તલાક ધાર્મિક સ્વતત્રતા સાથે જોડાયેલા મૂળભૂત અધિકારોનો હિસ્સો છે તો અમે દરમિયાનગીરી કરીશું નહીં. જસ્ટીસ નરીમને કહ્યું હતું કે એક વખતમાં ત્રણ તલાક આપવાના મુદ્દા પર કોર્ટ દ્વારા વિચારણા કરવામાં આવશે. ત્રણ મહિનાના અંતરમાં આપવામાં આવતા તલાક ઉપર વિચારણા કરવામાં આવશે નહીં. આ મામલા પર સુનાવણી કરી રહેલી સુપ્રિમ કોર્ટની બેચમાં જસ્ટીસ કુરીયન જોસેફ, આરએફ નરિમન, યુયુ લલિત, અબ્દુલ નઝીરનો સમાવેશ થાય છે. તમામ જજ જુદા જુદા ધર્મ સાથે જોડાયેલા છે. સુપ્રિમ કોર્ટે સુનાવણી માટે છ દિવસ નક્કી કર્યા છે. ત્રણ દિવસ તેમના માટે જો ત્રિપલ તલાકને પડકાર ફેંકી રહ્યા છે જ્યારે બીજા ત્રણ દિવસ એવા લોકો માટે રાખવામાં આવ્યા છે જે બચાવ કરી રહ્યા છે. સુપ્રિમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે મામલા સાથે જોડાયેલા જુદા જુદા પાસાઓને બેચ દ્વારા નક્કી કરવામાં આવેલા બે પ્રશ્નો ઉપર સુનાવણી કરવા માટે બે બે દિવસ મળશે. આ ઉપરાંત એક દિવસ અન્યોને આપવામાં આવશે. દલીલોને બીજી વખત રજુ કરવાની સ્થિતિમાં વકીલોને રોકવામાં આવશે. દરેક પક્ષને પણ તક આપવામાં આવી છે પરંતુ કોઈ બાબતને બીજી વખત રજુ કરવાની મંજુરી આપવામાં આવશે નહીં. સુપ્રિમ કોર્ટે પૂર્વ કેન્દ્રિય મંત્રી સલમાન ખુરશીદને આ મામલાની સુનાવણીમાં એમીકસ ક્યુરી તરીકે કોર્ટની મદદ કરવાની મંજુરી આપી છે. ખુરશીદનું કહેવું છે કે ત્રિપલ તલાક કોઈ મુદ્દો નથી કારણ કે પતિ પત્ની વચ્ચે સમજૂતિના પ્રયાસના બદલે તેને પૂર્ણ ગણી શકાય નહીં.

## દિવાલ તુટી પડતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમાં સુરક્ષાની સમીક્ષા થશે. પોલીસ અધિકારીના કહેવા મુજબ આ દિવાલ ૧૨થી ૧૩ ફૂટની ઉંચાઈમાં હતી અને ૯૦ ફૂટ લાંબી હતી. એક વર્ષ અગાઉ જ લગ્ન હોલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આમાં ખરાબ સામગ્રીનો ઉપયોગ કરાયો હોવાના અહેવાલ મળ્યા છે. અગાઉ રાજસ્થાનના ભરતપુરમાં લગ્ન પ્રસંગ વેળા સર્જાયેલી દુર્ઘટનાના કારણે ખુશીનો માહોલ દુખમાં ફેરવાઈ ગયો છે. મેરેજ હોલની દિવાળ ધરાશાયી થતા ઓછામાં ઓછા ૨૫ લોકોના મોત થઈ ગયા છે અને ૩૦થી વધારે લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ચામુન્ડા માતા મંદિર વિસ્તારમાં બુધવારે મોડી રાત્રે જોરદાર આંધી બાદ દિવાળ ધરાશાયી થઈ ગઈ હતી. મૃત્યુ પામેલા લોકોમાં ચાર બાળકો અને આઠ મહિલાનો સમાવેશ થાય છે. ભરતપુરના સેવર રોડના અન્નાપૂર્ણા જાનૈયા ઘરમાં લગ્ન પ્રસંગે આ બનાવ બન્યો હતો. સાંજથી ત્યાં જોરદાર આંધી ચાલી રહી હતી. રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો. આંધીની કારણે દિવાળ ધરાશાયી થઈ ગઈ હતી. બનવા વેળા લગ્ન પ્રસંગ હોવાથી મોટી સંખ્યામાં લોકો એકઠા હતા. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે મૃતકો અને ઘાયલ થયેલા લોકોમાં જયપુર ખાતેથી આવેલા જાનૈયા સામેલ છે. પોલીસે વિગત આપતા કહ્યુ છે કે બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ઘાયલ થયેલા તમામ લોકોન તરત જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘાયલ થયેલા પૈકી કેટલાક ગંભીર છે. રાજસ્થાનના મુખ્યપ્રધાન વસુન્દરા રાજેએ આ બનાવ અંગે દુખ વ્યક્ત કર્યુ છે.

## કમોસમી વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તાલુકાના ગાગોદર ગામમાં કરા સાથે વરસાદ થયો છે. આજે અમદાવાદમાં ગરમીના પ્રમાણમાં આંશિક ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૪ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ અમરેલીમાં પારો ૪૩ રહ્યો હતો. સુરેન્દ્રનગરમાં પણ મહત્તમ તાપમાન ૪૩.૮ ડિગ્રી નોંધાયું હતું. ગાંધીનગરમાં પારો ૪૩.૮ સુધી પહોંચ્યો હતો. હીટવેવની કોઈ ચેતવણી ન હોવા છતાં ગરમીનું પ્રમાણ અકબંધ રહેતા લોકો પરેશાન થયેલા છે. આવતીકાલે મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી અમદાવાદમાં પહોંચે તેવા સંકેત છે. આગામી ચાર દિવસ સુધી અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી રહેવાની શક્યતા છે. એટલે કે અમદાવાદમાં ઓરેંજ અને યલો એલર્ટ વચ્ચે તંત્ર રહેશે.

હવામાન વિભાગ તરફથી હિટવેવને લઈને કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ બપોરના ગાળામાં હાલમાં લોકો વધુ સાહસ કરી રહ્યા નથી. અમદાવાદ શહેરમાં જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકો દ્વારા વિવિધ વિસ્તારોમાં પાણીની પરબ મુકવામાં આવી છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સક્રિય થયેલી છે. આ સાથે જ શરીર પર એવા વસ્ત્રો પહેરવા જેથી કરીને ગરમ પવનોની અસર ન થાય.

## શહેરનું પરિણામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૮૮.૦૧ ટકા પરિણામ આવ્યુ હતુ. જયારે ચાંદખેડા કેન્દ્રમાંથી ૭૪૬ પૈકી ૭૨૭ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. જયારે આ કેન્દ્રનુ પરિણામ ૮૦.૭૪ ટકા આવ્યુ છે. કલોલ કેન્દ્રમાંથી નોંધાયેલા ૭૩૨ વિદ્યાર્થીઓ પૈકી ૭૨૨ એ પરીક્ષા આપી હતી. જયારે આ કેન્દ્રનુ પરિણામ ૮૫.૮૭ ટકા રહયુ છે. વધુમાં માણસા કેન્દ્રમાંથી ૪૦૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જયારે ૩૯૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. માણસા કેન્દ્રનુ પરિણામ ૮૨.૪૪ ટકા આવ્યુ છે. જિલ્લાના કેન્દ્રો પૈકી પરિણામની દ્રષ્ટીએ ગાંધીનગર શહેર પ્રથમ સ્થાને તેમજ ચાંદખેડા કેન્દ્રનુ પરિણામ સૌથી ઓછુ આવ્યુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. પરીક્ષા દરમિયાન સી સી ટી વી કેમેરા તેમજ ટેબલેટના ફુટેજના આધારે ધ્યાને આવેલા ગેરરીતીના કેસમાં રાજયમાંથી ૩૪ વિદ્યાર્થીઓના પરિણામ રીઝર્વ રાખવામાં આવ્યા છે. આ પૈકી ગાંધીનગર જિલ્લામાંથી એક પણ વિદ્યાર્થીનુ પરિણામ રીઝર્વ રાખવામાં આવ્યુ નથી.

## જુથબંધી દેખાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધુ કામો રૂ. ૧૮ કરોડના જે સૂચવવામાં આવ્યા હતા તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

આ કામોમાં બદલાવ કરવા માંગતા હોવાની રજુઆત ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પણ કરી હતી. તો દહેગામના સભ્યોએ આડેધડ ફાળવણી કરી અન્યાય કરાયો હોવાની રજુઆત કરી હતી. સભ્યની આ રજુઆતમાં જિલ્લા પ્રમુખ રામાજી ઠાકોરે દરમ્યાનગીરી કરી કોઈને પણ અન્યાય વહીવટીય મંજૂરી આપતી વખતે નહિ થાય તેવી ખાત્રી આપી હતી.

મહિલા અને બાળ વિકાસ સમિતિની રચનાના મુદ્દે સભ્યોના નામ સૂચવાયા બાદ ચેરમેન દિનેશજી ઠાકોરે જણાવ્યુ હતુ કે ચેરમેન તરીકે કોઈ સત્તા નથી માત્ર પંખાની હવા ખાવા આવતા હોઈએ તેવુ લાગે છે. અધિકારી કોઈપણ બાબતમાં ચૂંટાયેલા સભ્યોને વિશ્વાસમાં લેતા નથી. પાંચ લાખની બાળકો માટે કીટ લેવાની વાતને પણ તંત્રના અધિકારીઓએ નામંજૂર કરી હતી. આના કરતાં સભ્ય તરીકે ન બેસવુ સારૂ કહેવાય.

દિનેશજીની આ વાત સાંભળી સૌ અવાક્ થઈ ગયા હતા. આ વેળાએ ધારાસભ્ય બળદેવજી ઠાકોરે સભ્યને શાન્તવના આપી અને પછી અધિકારી સાથે વાત શરૂ કરી તેમને ચૂંટાયેલી પાંખનું મહત્વ સમજાવવા જતા હતા ત્યારે કારોબારી ચેરમેન અરવિંદસિંહ સોલંકી અધિકારી પર આકરા પાણીએ થયા હતા.

અધિકારીએ સ્પષ્ટતા કરી હતી કે સમિતિની મુદત ફેબ્રુઆરીમાં પૂરી થઈ ગઈ હતી એટલે સમિતિ અસ્તીત્વમાં હતી નહિ એટલે વિશ્વાસમાં લેવાનો મુદ્દો નથી. બીજુ રમતની કીટ માટે સાધનો ખરીદવા માટેની સત્તા જે છે તેના કરતાં વધુ ખર્ચ હોવાથી ટેન્ડર બહાર પાડવુ જરૂરી હતુ.

આ વાતો વચ્ચે મેં આ જગ્યાનો ચાર્જ સંભાળ્યો હતો. સ્ટાફના અભાવે ટેન્ડર નિયત સમય મર્યાદામાં બહાર પાડી શકાયુ નથી એ હકીકત છે.

અરવિંદસિંહ સોલંકીએ સામાન્ય સભામાં આવા જવાબ નહિ ચાલે, સાચી વાત કહો, સ્ટાફની અછત અમારો વિષય નથી મોડે સુધી રોકાઈને કામ કરો, અમે સભ્યો તમારી ઓફિસમાં કામે આવીએ જેવા શબ્દપ્રયોગ કરી વાતાવરણને ગરમાવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમના રાજકીય દંગોને પારખી ગયેલા અન્ય સભ્યોએ મૌન ધારણ કર્યું હતું.

આ પછી વાત વણસે તે પહેલાં સભ્ય સચિવ તરીકે બેઠેલા નાયબ જિલ્લા વિકાસ અધિકારી ડી.એ. ચૌહાણે સૌ અધિકારીઓને ચૂંટાયેલી પાંખ સાથે સંકલનમાં રહી કામગીરી કરવાની સૂચના આપી હતી. સભ્ય સચિવની દરમ્યાનગીરી બાદ કોંગીના નરેશજી ઠાકોરે આ અંગે પરિપત્ર કરવાની માંગ કરી હતી જેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

આજની સામાન્ય સભામાં સમિતિઓની કાર્યવાહી નોંધ સભ્યોને અગાઉ મળતી હતી તે થોડા સમયથી બંધ કરાઈ હોવાના મુદ્દે વિપક્ષના જયેશ ચૌધરી અને અમરસિંહની રજુઆત પર સ્પષ્ટતા કરતાં કારોબારીના ચેરમેન અરવિંદસિંહે કહ્યું હતુ કે સમિતિની નોંધ સમિતિના સભ્યો પુરતી જ રહેશે તમને નહિ મળે આ અમારી સૂચના છે અને નિર્ણય છે. તમારે સૂચન કરવુ હોય તો કરો પણ અમે અસ્વીકાર કરીએ છીએ.

ખાસ સામાન્ય સભાનો પૂરક એજન્ડા સભ્યોને સમયસર નહિ મળ્યો હોવાની ફરિયાદો સભાના પ્રારંભે કરવામાં આવી હતી પરંતુ તંત્રએ તેની બજવણી કરવામાં આવી હોવાની વાતને પકડી રાખી હતી. ટીડીઓ સામાન્ય સભામાં મોડા પડ્યા હોવાથી તેમની સામે ઠરાવ કરો તેવી વાત કરી અરવિંદસિંહે આજે પણ ઠરાવનુ કોઈ ડ્રાફટીંગ કરાવ્યું જ નહિ.